Price : ₹ 5/-

# CIMS NEWS
# CARE & CURE

Volume-15 | Issue-163 | February 25, 2024



Marengo CIMS Hospital

www.cims.org

Marengo CIMS Hospital

CIMS NEWS CARE & CURE

Volume-15 | Issue-163 | February 25, 2024

# નસોની થતી બીમારીઓના પ્રકાર અને સારવાર

જે રીતે ધમનીઓ શુદ્ધ લોહીને આખા શરીરમાં પહોંચાડે છે, તે જ રીતે નસો અશુદ્ધ લોહીને પાછું હૃદય સુધી પહોંચાડવાનું કામ કરે છે.જે રીતે ધમનીઓમાં વિક્ષેપ આવવાથી હાર્ટ એટેક, લકવો તેમજ પગ કાળા પડવા જેવી બીમારીઓ થાય છે તે જ રીતે જો નસોમાં લોહીના સંચારથી વિક્ષેપ આવવાથી અનેક પ્રકારની બીમારીઓના લક્ષણ થઈ શકે છે. અહીંયા અમે નસોમાં થતીવિભિન્ન પ્રકારની બીમારીઓનું વર્ણન અને ચર્ચા કરીશું.

## નસોમાં લોહીનું ધીમું વહેવું અથવા પાછું પાછળની તરફ જવું





પગની નસોમાં લોહીને ગુરુત્વાકર્ષણ શક્તિની વિરુદ્ધ ઉપરમોકલવાનું હોય છે તેમાં પગની માંસપેશીઓનું સંકોચન થવું એ ખૂબ જ મહત્વપૂર્ણ માનવમાં આવે છે,સાથે સાથે વન વે વાલ્વ લોહીને પાછું પાછળ આવવા દેતાં નથી આનાથી નસોમાં લોહી એક જ દિશામાં વહન કરે છે.જ્યારે પણ પગની માંસપેશીઓમાં કસરતની ઘટથવાથી (લાંબા સમય સુધી કોઈ બીમારીના કારણે આરામ કરવો) શક્યતા ખૂબવધી જાય છે સાથે સાથે લાંબા સમય સુધી લોહીનોપ્રવાહ ઓછો થવાના કારણે નસોની અંદરનો વાલ્વ પણ ખરાબ થઈ જાય છે તથા લોહી પાછળની સાઇડ જતુ રહે છે જેનાથી પગલનો રંગ શરૂઆતમાં ઘાટ્ટો અને પછી પછીથી તે ઘા પણ બની શકે છે.

**લક્ષણ:**
- પગમાં સોજો આવવો
- પગની ચામડીનું લાલ થઈ જવું તેમજ ખંજવાળ આવવી
- ઉપરોક્ત લક્ષણની સાથેપગ પર ઘા પણ બની જાય છે.
- સામાન્ય સારવારથી પગનો ઘા સાજો ન થવો

**સારવાર:**
- સૂતી વખતે પગને થોડા ઉપર રાખવાં
- પગની કસરત નિયમિતરૂપે કરવી
- ચાલતા સમયે પગમાં બેન્ડેજ(ક્રેપ બેન્ડેજ)નો ઉપયોગ કરવો
- જો પગ પર ઘા થઈ જાય તો તેને તરત જ વેસ્ક્યુલરસર્જનને બતાવવીને સારવાર કરાવવી.

## વેરિકોઝ વેન

પગની ચામડીની નીચેવાળી નસો તરત જ ફૂલી જાય છે તથા અપાકૃતિક રીતે ચામડી પર ફેલાયેલી જોવા મળે છે. એમ તો આ કોઈ તકલીફ ઉત્પન્ન નથી કરતું પરંતુ લાંબા સમય સુધીરહેવાથી ખંજવાળ જેવા લક્ષણ ઉત્પન્ન કરી શકે છે તથા જોવામાં પણ ખરાબ લાગે છે. આ બીમારીનું મુખ્ય કારણ પગની ઉપરની નસોની અંદર વાલ્વ ખરાબ થઇ જવો તેવુ માનવામાં આવે છે



**સારવાર:**
- ખૂબ ઓછા ફુલાવવાળા દર્દી માત્ર બેન્ડેજથી કામ ચલાવી શકે છે.
- બહુ વધારે થવા પર એક નવા ઉપાયમાં કેથરેટર એબલેશન નામની પદ્ધતિથી ઉપચાર કરી શકાય છે.
- આ નવી પદ્ધતિથી કરેલી સારવારની અસર જલ્દી થાય છે તથા ફરીથી તે થવાની સંભાવના બહુ ઓછી છે.

## નસોમાં લોહીનો ગઠ્ઠો થઈ જઈ બંધ થઈ જવું



ક્યારેક ક્યારેક નસોમાં લોહી ગઠ્ઠો થઈને જામ થઈ જાય છે એનાથી પગમાં ખૂબ જ સોજો આવી જાય છે. આનું મુખ્ય કારણ કોઇ બિમારીના કારણે ખુબ લાંબા સમય સુધી આરામ કરવો એવું માનવામાં આવે છે.

**નસોની બીમારીઓ થવાનાં મુખ્ય કારણો અને પરિસ્થિતીઓ:**
- લાંબા સમય સુધી બેસવું અથવા કોઈપણ પ્રકારની કસરત ન કરવી.
- મોટાપો
- હાર્મોન થેરાપી અથવા બર્થ કંટ્રોલ પિલ્સનો ઉપયોગકરવો
- કુલ્લા, ઘૂંટણ, પગ, પેટ તેમજ છાતીનાં ઓપરેશન કરાવ્યા પછી
- ધૂમ્રપાન કરવું
- શરીરના કોઈપણ મુખ્ય હાડકાનું તૂટી જવું એ તેની સારવાર દરમિયાન
- કેન્સરની સારવાર દરમિયાન
- વારસાગત લોહીનો ગઠ્ઠો વધવાનીસમસ્યા
- લકવો અને કોઈ અન્ય બીમારીના કારણે લાંબા સમય સુધી પલંગ પર રહેવું
- ગર્ભાવસ્થા દરમિયાન
- ખૂબ વધારે વેરીકોઝ વેનનું હોવું

**લક્ષણ:**
- પગનું સૂજી જવુ તથા દુખાવો થવો
- પગનું લાલ તથા કાળું થઈ જવું
- પગ પર ઘા થઈ જવું
- લાંબા સુધી આની સારવાર ના કરાવો તો આ ઘાતક બીમારી પલ્મોનરી એમબોલિઝમ પણ ઉત્પન્ન કરી શકે છે.

**સારવાર:**

પારંભિક અવસ્થામાં સોજો ઓછો કરવાની દવા અને એન્ટીબાયોટીક્સ દવાથી દર્દીને આરામ થઈ જાય છે.



JCI (USA) NABH NABL ACC

CIMS NEWS CARE & CURE
Volume-15 | Issue-163 | February 25, 2024



આની સાથે જ લોહીને પાતળું કરવા માટેનું ઈન્જેક્શન અને ગોળીઓ ચાલુ કરવી પડે છે. ૫૦ટકા લોકોને ઈન્જેક્શન અને ગોળીઓથીખૂબ જ આરામ થઈ જાય છે.

જે લોકોને દવાથી આરામ નથી થતો, તો તેમના માટે નવીન ટેકનિકમાં કેથેટર દ્વારા લોહીના ગઠાંને બહાર નીકાળવાની સારવાર કરાવવી જોઈએ.

જે લોકો લોહીને પાતળું કરવાની દવા નહીં લઈ શકતા અથવા જેમાં દવા આપવામાં લોહીના પ્રવાહનું જોખમ હોય તે લોકોમાં પલ્મોનરી એમબોલિઝમ થવાથી બચાવવા માટે આઇવીસી ફિલ્ટર મૂકવામાં આવે છે.

## એકયુટ પલ્મોનરી એમબોલિઝમ

આ નસોમાં લોહી જામી જવાથી તથા તે ત્યાંથી છૂટીને ફેફડાંની મુખ્ય નળીમાં ચાલી જવાને કારણે થાય છે. આ એક ઘાતક તેમજ જાનલેવા બીમારી છે. આની તરત જ તપાસ કરાવવી ને સારવાર કરવામાં જ સૌથી મોટી સમજદારી છે. જેટલુંવધારે લોહીનો ગઠ્ઠો ફેફડામાં જાય છે એટલી જ વધારે તકલીફ દર્દીને થાય છે. ઇસીજી, ઇકો, સિટી સ્કેન બધી બીમારીઓની તપાસ કરાવવામાં સહાયક થાય છે.

**લક્ષણ:**

- અચાનક શ્વાસમાં તકલીફ થવી
- લોહીમાં ઓક્સિજનનું પ્રમાણ ઓછું થવું
- ધબકારા વધી જવા
- બ્લડ પ્રેશરનું ઓછું થઈ જવું

**સારવાર:**

આ જાનલેવા બીમારીની ખબર પડતા જ તરત દર્દીએ ઇન્ટેન્સીવ કેર યુનીટમાં દાખલ કરી ઓક્સિજન ચાલુ કરવામાં આવે છે. લોહીનો ગઠ્ઠો કે જે ફેફડામાં લોહીના સંચારમાં અવરોધ કરે છે ત્યારે લોહીને પાતળું કરવા માટેનું ઈન્જેક્શન ચાલુ કરવામાં આવે છે. ઈન્જેક્શનથી અસર આવવાથી ઓક્સિજનનું પ્રમાણ ફરીથી વધવા લાગે છે અને જાનનું જોખમ ટળી જાય છે અને જો દર્દીને આરામ નથી થતો તો તેને નવીન પદ્ધતિ થી કેથેટર ટેકનિકથી લોહીના ગઠ્ઠાને બહાર નીકાળવવાની પ્રક્રિયા પણ કરાવવી પડે છે.

**સૌજન્ય**
**ડૉ. સત્ય ગુપ્તા**
MD, DM Cardiology (CMC Vellore), FACC, FESC
રેડિયલ ઈન્ટરવેન્શન્સ વિશેષજ્ઞ
મો. +91-99250 45780
ઈમેલ: satya.gupta@cims.me

# કાર્ડિયાક રીહેબીલીટેશન એટલે કે હદય રોગના દર્દીઓનો પુનવર્સવાટમાં ખાસ કરીને 5 ઘટકોનો સમાવેશ થાય છે.




**નિયમિત કસરત કરવી :**
નિરીક્ષણ હેઠળ કાર્યો કરવાથી લઈને બગીચામાં ચાલવા જવા સુધી..

**હદયને તંદુરસ્ત અને સ્વસ્થ્ય રાખે તેવો ખોરાક લેવો :**
આમાં સમાવેશ થાય છે એ ખોરાકનો જેમાં મીઠું ઓછું હોય અને આખું અનાજ, ફળો, શાકભાજીઓ, ઓછી ચરબી વાળું માંસ અને માછલી

**તણાવ ઓછો કરવો :**
રેલેક્સેશન ટેકિનક, મનોરંજન, સંગીત અને અન્ય વિવિધ પદ્ધતિઓ દ્વારા રોજના તમારા તણાવને નિયંત્રિત કરવા વિષે જાણો અને શીખો.

**મેડિકલ થેરાપી :**
તમારા ડોક્ટરની સલાહ બરાબર સમજો અને અમલમાં મૂકો અને તમારી દવાઓ સલાહ પ્રમાણે નિયમિત રીતે લો.

**ધુમ્રપાન છોડો :**
મોટા ભાગના કાર્ડિયાક રીહેબ પ્રોગ્રામો આ ખરાબ આદત ને છોડવા માટેની પદ્ધતિઓ સૂચવે છે.

Courtesy : CardioSmart American College of Cardiology

**અપોઈન્ટમેન્ટ : +91-79-4805 1008 | +91-98250 66661**

CIMS NEWS CARE & CURE
Volume-15 | Issue-163 | February 25, 2024

# ECMO (ઍક્મૉ) એક જીવનરક્ષક વિકલ્પ

નમસ્કાર મિત્રો,

આજે આપણે એવા વિષય વિશે ચર્ચા કરવા જઈ રહ્યા છીએ જે કોવિડ પેન્ડેમીક દરમિયાન ખૂબ જ ચર્ચામાં હતો. ECMO એક જીવનરક્ષક સારવાર પદ્ધતિ છે જેનો ઉપયોગ હૃદય અથવા ફેફસાંના જીવલેણ અને ગંભીર બીમારીથી પીડિત દર્દીઓની સારવાર માટે થાય છે.

ECMOનું પૂરું નામ છે એક્સ્ટ્રા કોર્પોરિયલ મેમ્બ્રેન ઓક્સિજનેશન, જેનો સામાન્ય ભાષામાં અર્થ થાય છે શરીરની બહાર એક ખાસ પટલ દ્વારા લોહીનું ઓક્સિજનેશન કરવું. માનવ શરીરમાં સામાન્ય રીતે હૃદયની જમણી બાજુથી લોહીને ફેફસામાં પમ્પ કરવામાં આવે છે જ્યાં ઓક્સિજન લોહીમાં પ્રવેશે છે અને કાર્બન ડાયોક્સાઈડ લોહીમાંથી બહાર આવે છે. આ ઓક્સિજનયુક્ત લોહી હૃદયની ડાબી બાજુએ આવે છે અને ડાબા હૃદયમાંથી તે શરીરના અવયવો અને કોષોને ઓક્સિજન અને અન્ય પોષક તત્વો પહોંચાડવા માટે આખા શરીરમાં પમ્પ કરવામાં આવે છે. આ રીતે આપણા શરીરમાં ફેફસાં ગેસ વિનિમય માટે પટલ તરીકે કાર્ય કરે છે અને હૃદય શરીરમાં લોહીના પરિભ્રમણ માટે પંપ તરીકે કામ કરે છે.

જ્યારે ફેફસાં અથવા હૃદયને નુકસાન થાય છે અને તેઓ આ કાર્ય કરવામાં નિષ્ફળ જાય છે, ત્યારે સામાન્ય ઉપચારથી ખાસ ફાયદો ન દેખાય તો આ કાર્ય કરવા માટે આપણે ECMOનો ઉપયોગ કરી શકીએ છીએ. ECMO માં ફેફસાંની જેમ પટલ અને હૃદયની જેમ પમ્પનો સમાવેશ થાય છે જે શરીરમાંથી લોહી લે છે અને તેને પટલમાંથી પસાર કરે છે જ્યાં ઓક્સીજન અને કાર્બન ડાયોક્સાઈડનાં વિનિમય પછી આ લોહીને હૃદયની જેમ શરીરમાં પાછું આપે છે. ECMO મશીનમાં વિવિધ ભાગોનો સમાવેશ થાય છે જેમ કે મુખ્ય કન્સોલ અથવા કંટ્રોલર, એક પંપ, ગેસ વિનિમય માટે ઓક્સિજનેટર (પટલ) અને લોહીને ગરમ રાખવા માટે હીટર કૂલર મશીન.

**ECMO ના મુખ્યત્વે બે પ્રકારો હોય છે...**

**1. વેનો-વેનસ ECMO**

જ્યારે કોઈ વ્યક્તિના ફેફસાં ક્ષતિગ્રસ્ત થાય છે અને કોઈ રોગને કારણે નિષ્ફળ જાય છે, જ્યારે તેઓ શરીરમાં ઓક્સિજનનું સ્તર જાળવી શકતા નથી અથવા શરીરમાંથી કાર્બન ડાયોક્સાઈડ દૂર કરી શકતા નથી, ત્યારે તે દર્દીને વેનો-વેનસ ECMOની જરૂર હોય છે. જેમાં



શરીરની એક મોટી નસ માંથી લોહી લઈ એને ઓક્સિનેટ કરી ફરીથી શરીરની બીજી એક મોટી નસમાં પાછું ફેરવવામાં આવે છે. આમ વેનો-વેનસ ECMO એક આર્ટિફિશિયલ ફેફસાં તરીકે કાર્ય કરે છે.

ફેફસાંનાં ગંભીર ઈન્ફેક્શન જેમ કે કોવિડ, સ્વાઈન ફ્લુ, બેક્ટેરીયલ ન્યુમોનીયા થયાં હોય કે અકસ્માતમાં ફેફસાંને ક્ષતિ થઈ હોય, ફેફસાંની કોઈ જુની બીમારી હોય અને તેનાં કારણે કોઈ તાજી સમસ્યા થઈ હોય આવાં અનેક કારણોસર ફેફસાંનું પ્રાથમિક કાર્ય એટલે કે ગેસ વિનીમય ખોરવાય છે. આવામાં ફેફસાં લોહીમાં ઓક્સીજન પુરુ પાડી શકતા નથી અથવા તો કાર્બન ડાયોક્સાઈડ શરીરમાં અધીક માત્રામાં જમા થઈ જાય છે. આવી પરિસ્થિતિમાં જ્યારે જીવન બચાવવાની વાત હોય ત્યારે ECMO એક જીવન રક્ષક ઉપચાર તરીકે ઉપયોગમાં લેવાય છે.

વેનો-વેનસ ECMO માં જેમ પહેલાં વાત કરી તે મુજબ સામાન્સ રીતે પગની કોઈ મોટી નસમાં નળી નાંખી લોહી શરીરની બહાર આવે છે અને ઓક્સીજનેશન બાદ ગળાની મોટી નસમાં પાછું ફરે છે. ગળાની નસનાં બદલે, સામેનાં પગની નસ પણ વાપરી શકાય છે.

**2. વેનો-આરટીરીયલ ECMO**

આવી જ રીતે જ્યારે કોઈ રોગને કારણે દર્દીનું હૃદય ક્ષતિગ્રસ્ત થઈ જાય છે, હૃદયનું પમ્પિંગ નોંધપાત્ર રીતે ઓછું થઈ જાય છે અને હૃદય શરીરની પેશીઓને પૂરતું લોહી પહોંચાડવા અથવા બ્લડ પ્રેશર જાળવવા માટે સક્ષમ નથી રહેતું તેવા દર્દીને વેનો-આરટીરીયલ ECMOની જરૂર પડે છે.

વેનો-આર્ટીરીયલ ECMOમાં શરીરની એક મોટી નસ માંથી લોહીને લઈ ને ઓકસીનેટ કર્યા બાદ શરીરની એક મોટી ધમનીમાં પાછું ફેરવવામાં આવે છે. સામાન્ય રીતે એક પગની નસ અને બીજા પગની ધમનીમાં નળી નાંખીને વેનો-આર્ટીરીયલ ECMO શરુ કરવામાં આવે છે. પરંતુ કેટલીકવાર હૃદયની જટિલ શસ્ત્રક્રિયા પછી અથવા ખૂબ જ નાના બાળકોમાં, આ માટે છાતી ખોલીને સીધી હૃદયની મુખ્ય નસ તથા ધમનીનો ઉપયોગ પણ થઈ શકે છે.


આ પ્રકારનું ECMO ત્યારે ઉપયોગી થાય છે જ્યારે હૃદય સામાન્ય રીતે કામ કરતું ન હોય જેમ કે હાર્ટ એટેક બાદ અથવા હૃદયના વાયરલ ચેપ પછી, કોઇ ઝેરી પદાર્થનું ઝેરથી અથવા તો જટિલ સર્જરી પછી હૃદયનું પમ્પિગં ઓછું થઈ જાય, બ્લડ પ્રેશર ઊપર ના આવતું હોય તેમજ આવું થવાનાં કારણે હૃદય શરીરનાં અંગોને જરૂરી ઓક્સીજન તથ અન્ય પોષક તત્વો પુરા ન પાડી શકે ત્યારે વેનો-આર્ટીરીયલ ECMO શરુ કરવામાં આવે છે.

**V-V ECMO ક્યારે કરી શકાય?**

- જ્યારે ફેફસાં જે રોગથી પીડાય છે તેનો ઈલાજ સંભવ હોય પરંતુ રોગ એટલો ગંભીર હોય કે ફેફસાં તેમનાં કાર્યમાં નિષ્ફળ જાય જ્યારે બાકીના શરીરનાં અંગો સામાન્ય રીતે કામ કરે છે
- મહત્તમ વેન્ટિલેટર સેટિંગ અને ગહન સારવાર છતાં ઓક્સિજનનું સ્તર સુધરતું નથી અથવા કાર્બન ડાયોક્સાઈડ દૂર કરી શકતા નથી
- અથવા જ્યારે દર્દીને ફેફસાના ટ્રાન્સપ્લાન્ટની સલાહ આપવામાં આવી હોય પરંતુ દર્દીની હાલત બગડતી હોય અને ફેફસાં નિષ્ફળ જતા હોય ત્યારે ટ્રાન્સપ્લાન્ટ સુધી પહોંચવા માટે એક પુલ તરીકે વેનો-વેનસ ECMO શરુ કરવામાં આવે છે.

**V-A ECMO ક્યારે કરી શકાય?**

- કોઈપણ તેવા હૃદય રોગના કિસ્સામાં જે સારવાર શકય હોય પરંતુ આ સમયે હૃદયે કામ કરવાનું સાવ




ઓછું કરી દીધું હોવાથી દર્દી શૉકમાં હોય અથવા મહત્તમ દવાઓ લેવા છતાં પણ બ્લડ પ્રેશર કાબૂમાં ન આવતું હોય અને સારવારનાં અન્ય વિકલ્પો ખતમ થઈ ગયા હોય.

- અને જો હૃદય નિષ્ફળ (Heart Failure) થવાની સંભાવના હોય, અથવા પહેલાથી જ અન્ય અંગોને નુકસાન થયું હોય, તો આપણે VA ECMO શરૂ કરી શકીએ છીએ.
- અથવા અંતિમ તબક્કાની હૃદયની નિષ્ફળતા (Heart Failure)થી પીડાતા દર્દીમાં આપણે ટ્રાન્સપ્લાન્ટ સુધી પહોંચવા માટે એક પુલ તરીકે VA ECMO નો ઉપયોગ કરી શકીએ છીએ.
- ફેફસાંની બિમારીનાં દર્દી જેનાં હૃદય પર પણ અસર થઈ હોય એવી પરિસ્થિતિમાં વેનો-વેનસ ECMOનાં સ્થાને વેનો-આર્ટીરીયલ ECMO શરુ કરવામાં આવે છે.

પરંતુ પરંતુ, પરંતુ...

- જો, પ્રાથમિક રોગ મટી શકશે કે કેમ તે અંગે શંકા હોય કેમકે E C M O એક કાયમી જીવનરક્ષક સારવાર પદ્ધતિ તરીકે ચાલુ ન રખાય.
- જો દર્દી ખૂબ જ નબળો અથવા વૃદ્ધ હોય અથવા જેને બહુવિધ બીજા રોગો હોય કે જે વધુ સમસ્યાઓનું કારણ બની શકે.
- અથવા સાથે કોઈ ગંભીર બીમરી જેમ કે છેલ્લા તબ્બકાનું કેન્સર કે જેનો કોઈ ઉપચાર કરવો શક્ય ન હોય.
- મગજને અપૂરતા ઓક્સિજનને કારણે કાયમી નુકસાન થયું હોય.
- ઉપરાંત, જો દર્દીને કોઈ ચોક્કસ રક્તસ્ત્રાવ કે લોહીનાં ગઠન સબંધી રોગ હોય જેથી બ્લિડીંગનું જોખમ વધી જતું હોય.

આ પરિસ્થિતિઓમાં ECMO નો ઉપયોગ થઈ શકે નહીં કારણ કે આવી પરિસ્થિતિમાં ECMO જોખમી બની શકે છે અથવા તો ECMO નો ફાયદો થતો નથી.

ECMO માટે કુશળ ડૉક્ટરોની એક ટીમ અને ખૂબ જ સારી સંભાળની જરૂર હોય છે અન્યથા ECMOને સંલગ્ન કોમ્પલીકેશન્સ થઈ શકે છે. જેમકે,

- જ્યારે આપણે કેનુલા(નળી)ને ધમની અથવા નસમાં મૂકીએ છીએ ત્યારે ધમની, નસ અથવા તેની આસપાસના વિસ્તારોમાં ઈજાઓ અથવા રક્તસ્રાવ થઈ શકે છે.
- ECMO માટે લોહીને પાતળું કરવું પડે છે જેથી તે શરીરની બહાર ગંઠાઈ ન જાય, અપૂરતું પાતળું થવાથી ECMO સર્કિટમાં અથવા શરીરમાં લોહીનાં ગંઠાવા (clots)નું નિર્માણ થઈ શકે છે અથવા વધુ પાતળું થવાથી મગજ સહિત શરીરના અન્ય ભાગોમાંથી રક્તસ્ત્રાવ થઈ શકે છે જે ક્યારેક જોખમી પણ બની શકે છે.
- ECMO માં શરીરની બહાર લોહીનું પરિભ્રમણ થતું હોવાથી, જો સ્વચ્છતા અથવા એસેપ્ટિક કેર અંગે યોગ્ય કાળજી લેવામાં ન આવે તો કોઈપણ ચેપ થવાની સંભાવના રહે છે.
- ECMO અથવા પ્રાથમિક રોગ (હૃદય કે ફેફસાં)ને કારણે શરીરની અન્ય અંગ પ્રણાલીઓને અસર થઈ શકે છે અથવા નુકસાન થઈ શકે છે.

પરંતુ જો સમયસર ECMOનો નિર્ણય લેવામાં આવે તેમજ નિષ્ણાત ડૉક્ટરોનાં દ્વારા અદ્યતન ટેકનોલોજીનાં ઉપયોગથી ECMOની સંભાળ લેવામાં આવે તો આ પ્રકારની કોમ્પલીકેશન્સની શક્યતા નહિવત રહે છે.

અંતે હું ભારપૂર્વક જણાવવા માંગુ છું કે ECMO એ એક જીવનરક્ષક ઉપચાર છે જે સારી હોસ્પિટલમાં નિષ્ણાત ડોકટરો દ્વારા ઉપલબ્ધ છે અને તે એવાં દર્દીઓનાં જીવનને બચાવી શકે છે જેઓ ઈલાજ કરી શકાય તેવા કારણોથી અંતિમ તબક્કાની હૃદય અથવા ફેફસાંની નિષ્ફળતાથી પીડાતા હોય છે. અથવા ECMOનો હૃદય અથવા ફેફસાના પ્રત્યારોપણ માટે પુલનાં વિકલ્પ તરીકે પણ પ્રયોગ કરી શકાય છે. ECMO ટીમમાં સામાન્ય રીતે ઈન્ટેન્સીવીસ્ટ, કાર્ડિયાક સર્જન, કાર્ડિયાક એનેસ્થેસિયોલોજિસ્ટ, પરફ્યુજનીસ્ટ, તથા અલગ-અલગ પ્રકારનાં વિષેશજ્ઞોનો સમાવેશ થાય છે.

હું ECMO વિષેનાં આપનાં પ્રશ્નોનાં જવાબ આપવા ઉત્સુક છું, જે તમે મને પૂછી શકો છો, ડીએમ કરી શકો છો અથવા સીધા મને ઈમેઈલ કે વ્હોટ્સએપ કરી શકો છો.

તમારો દિવસ શુભ રહે તેમજ આપનું જીવન સ્વસ્થ અને સંપન્ન હો તેવી શુભકામનાઓ. જય ભારત.

**સૌજન્ય**

**ડૉ. નિરેન ભાવસાર**
MD
**કાર્ડિયાક અને ટ્રાન્સપ્લાન્ટ એનેસ્થેસિયોલોજિસ્ટ,**
**ઈન્ટેન્સીવીસ્ટ અને ECMO ફિઝિશિયન,**
+91 74061 77409
chirag.solanki@marengoasia.com

ROBOTIC TRUE ALIGN JOINT SURGERY
HIP
KNEE

WORLD'S BEST HOSPITALS 2023
Newsweek
statista
MARENGO CARE INSTITUTE OF MEDICAL SCIENCES

BEST HOSPITAL IN AHMEDABAD FOR 4 YEARS IN A ROW
AMONGST TOP 25 IN INDIA
Thank you for trusting us with your health

Marengo CIMS Hospital



# એડવાન્સ્ડ ની રિપ્લેસમેન્ટ સર્જરી

# A KNEED OF THE HOUR

## મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદમાં શરુ કરી રહ્યા છીએ રોબોટિક (ક્યુવિસ) ઇનેબલ્ડ ટ્રુ એલાઈન ટેકનિક

એડવાન્સ્ડ **રોબોટિક (ક્યુવિસ) ઇનેબલ્ડ ટ્રુ એલાઈન ટેકનિક**ના આવવાથી હવે ની રિપ્લેસમેન્ટથી ડરવાની જરૂર નથી. જે શ્રેષ્ઠ સર્જિકલ પરિણામો અને દર્દીના અનુભવને બહેતર બનાવવા માટે સક્ષમ છે.

### ક્યુવિસ ઇનેબલ્ડ ટ્રુ એલાઈન ટેકનિકના ફાયદાઓ

- **વ્યક્તિગત અને વિશેષ સર્જિકલ પ્લાન**
- **આસપાસની પેશીઓને કોઈ નુકસાન નહિ**
- **ઓછી પીડા અને ઝડપી રિકવરી**
- **ની ઇમ્પ્લાન્ટની ચોક્કસ પ્લેસમેન્ટ**

**વધુ વિગતો માટે સંપર્ક કરો:** +91-8238095712 | +91-82380 95715

Marengo CIMS Hospital,
Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad

To know more, call:
**1800 309 9999**

cims.org

ONE HEART

ONE LIFE
ONE DESTINATION

CARDIAC SCIENCE
MARENGO CIMS HOSPITAL

Marengo CIMS Hospital

HUMANE BY PRACTICE

મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ

# ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયાક સાયન્સિસ

## તમામ પ્રકારની કાર્ડિયાક સર્જરી એક જ સ્થળે

**ગુજરાત, ભારતમાં અગ્રણી**



- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- ECMO
- મિનિમલી ઈન્વેસિવ હાર્ટ સર્જરી (MICS)
- TAVI/TAVR (ટ્રાન્સકેથેટર એઓર્ટિક વાલ્વ)




# ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયાક સાયન્સિસ

મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ



## હાર્ટ કેર નિષ્ણાતોની ભારતની સૌથી મોટી ટીમમાંની એક

**ડાબીથી જમણે ટોચની હરોળ:** ડો વિપુલ આહિર | ધન્યતા ધોળકિયા | ડો ચિંતન શેઠ | ડો નિરેન ભાવસાર | ડો નિકુંજ વ્યાસ | ડો શૌનક શાહ ડો ધીરેન શાહ | ડો ધવલ નાયક | ડો અમિત ચંદન | ડો પ્રણવ મોદી | ડો કિશોર ગુપ્તા | ડો હિરેન ધોળકિયા | ઉલ્હાસ પડિયાર આકાશ રાજાવત | ડો ગુણવંત પટેલ

**નીચેની હરોળ ડાબીથી જમણે:** ડો તેજસ વી.પટેલ | ડો સત્ય ગુપ્તા | ડો ઉર્મિલ શાહ | ડો અનીશ ચંદારાણા | ડો કેયુર પરીખ | ડો મિલન ચગ ડો અજય નાયક | ડો હેમાંગ બક્ષી | ડો હિરેન કેવડિયા | ડો વિપુલ કપૂર | ડો કશ્યપ શેઠ | ડો વિનીત સાંખલા

STS National Database™
Trusted. Transformed. Real-Time.
USA

American College of Cardiology (ACC)
Centre of Excellence
ONE OF THE FIRST IN INDIA

**ગુજરાતની સૌથી મોટી અને સૌથી વધુ અનુભવી કાર્ડિયાક સર્જિકલ ટીમ**

CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100
Published 25th of every month
Registered under Postal Registration No. GAMC-1813/2023-2025 valid upto 31st December, 2025
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 30th to 5th of every month
Licence to Post Without Prepayment No. PMG/NG/107/2023-2025 valid upto 31st December, 2025

**If Undelivered Please Return to**

**Marengo CIMS Hospital**
Nr. Shukan Mall, Off Science City Road,
Sola, Ahmedabad-380060.
**Call : 1800 309 9999**

**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-4805 2823. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

# મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ

## મેડિકલ ટીમમાં નવા ડોક્ટરનો સમાવિષ્ટ

### ડિપાર્ટમેન્ટ ઓફ ઓર્થોપેડિક



**ડો મોહનીશ ગઢવી**

MBBS, MS (Orthopaedics)

**કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક સર્જન**

mohnish.gadhavi@marengoasia.com

+91-97270 45459

### ડિપાર્ટમેન્ટ ઓફ જનરલ મેડિસિન



**ડો રાજેશ કુમાર**

MBBS, MD (Internal Medicine)

**ફિઝિશિયન**

rajeshj.kumar@marengoasia.com

+91-93270 06971

CIMS Hospital : Regd Office: Plot No.67/1, Opp. Panchamrut Bunglows, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad - 380060. Ph. : +91-79-2771 2771-72
CIMS Hospital Pvt. Ltd. | CIN : U85110GJ2001PTC039962 | marengocims.info@marengoasia.com | www.cims.org

**Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital**
**Printed at High Scan Pvt. Ltd., 'Hi Scan Estate', Sarkhej-Bavla Highway, Changodar. Ahmedabad-382 213.**
**Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.**